ગાંધીનગર સમાચાર

તા. ૫-૧૨-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### રામલલ્લાને આઝાદ કરી શકાશે?

ભારતીય જનતા પાર્ટીને રાષ્ટ્રવ્યાપી બનાવનારી ઐતિહાસિક ઘટના - બાબરી મસ્જિદના ધ્વંસને આ છઠ્ઠી ડિસેમ્બરે બાવીસ વર્ષ પૂરાં થશે. બાબર હિંદુસ્તાનમાં મોગલ સામ્રાજયનો સ્થાપક હતો. રામ જન્મભૂમિ તરીકે જન-આસ્થાનું કેન્દ્ર બની રહેલા પવિત્ર સ્થાન પર મસ્જિદ બનાવાઇ અને તેને બાબરી મસ્જિદ જેવું ઐતિહાસિક નામ આપવામાં આવ્યું, તે અયોધ્યાવાસીઓ જેટલું જ દેશના સનાતની હિંદુઓને કઠે તે સ્વાભાવિક હતું. વર્ષોથી ચાલતા રહેલા વિવાદમાં બેઉ પક્ષો એકબીજાને ખોટા ઠેરવવાની કોશિશ કરતા રહ્યા છે. રાજીવ ગાંધીએ રામજન્મભૂમિનાં તાળાં ખોલાવ્યા ત્યારે આ મુદ્દે સમાધાનકારી વલણને બદલે વધુ ઉગ્ર લડાઇ શરૂ થઇ ગઇ હતી. હિંદુ પ્રજા માટે અયોધ્યામાં રામજન્મભૂમિ એ આસ્થા ઉપરાંત પ્રતિષ્ઠાનો સવાલ બની ગઇ. ભારતીય જનતા પાર્ટીએ આ મુદ્દે દેશવ્યાપી ઝુંબેશ ચલાવીને એનો વધુમાં વધુ રાજકીય લાભ લેવાનો પ્રયાસ કર્યો હતો. ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીએ એમના સૌથી સિનિયર અને સૌથી પ્રભાવશાળી રાષ્ટ્રીય નેતા અટલ બિહારી વાજપેયીજીના ઉપરવટ જઇને સોમનાથથી અયોધ્યા સુધીની રથયાત્રા શરૂ કરી હતી. ગામેગામ વિશ્વ હિંદુ પરિષદે પવિત્ર ઇંટોનું પૂજન કરવાનું અને ભવ્ય રામમંદિર બનાવવા માટેનો ફાળો ઉઘરાવવાનું ચાલું કર્યું હતું. અડવાણીની રામજન્મભૂમિ રથયાત્રાને લાલુ પ્રસાદની સરકારે અધવચ્ચે અટકાવી દીધી હતી પરંતુ આયોજનબદ્ધ રીતે ઉત્તરપ્રદેશની કલ્યાણસિંહના નેતૃત્વ હેઠળની રાજય સરકાર અને કેન્દ્રની નરસિંહ રાવ સરકારના તથાકથિત ઢીલા વલણ અને ગુપ્ત સમજૂતીને પગલે રામસેવકોને બાબરી મસ્જિદના વિવાદાસ્પદ માળખાને ધરાશાયી કરવામાં સફળતા સાંપડી હતી. ખુદ અટલબિહારી વાજપેયીએ આ ઘટનાને કડક શબ્દોમાં વખોડી કાઢી હતી. એ પછી સરયૂમાં ઘણાં પાણી વહી ગયા છે, છતાં આજ લગી રામજન્મભૂમિ વિવાદનો ઉભય પક્ષને સંતોષકારક ઉકેલ મળી શક્યો નથી. ઉત્ખનનમાં વિવાદિત સ્થળે અગાઉ હિંદુ મંદિર હોવાના પુરાવા મળેલ છે. તેથી છેક ૧૯૪૯થી ચાલી રહેલ અયોધ્યાના રામજન્મભૂમિ કેસનો ૨૦૧૦માં અલ્હાબાદ હાઇકોર્ટે ચુકાદો આપ્યો હતો તે ખંડિત હતો. ત્રણ પૈકી બે ન્યાયાધીશોએ વિવાદિત જમીનને ત્રણ ભાગમાં વહેંચવાનો આદેશ આપ્યો હતો. હાલ કેસ સુપ્રીમ કોર્ટમાં છે. રાજકારણીઓએ સિફતપૂર્વક આ આખા મુદ્દાને જરૂર પડ્યે ઉછાળ્યો છે અને પછી આરામથી અભેરાઇએ ચડાવી દીધો છે. રાજકારણ ધર્મને અને ખુદ ભગવાનને પણ કઇ હદે 'યુઝ એન્ડ થ્રો' કરી શકે એનું આ કરૂણ ઉદાહરણ છે. આ કેસમાં છેક ૧૯૬૧થી વાદી સ્વરૂપે નોંધાયેલા અને બાબરી પક્ષે લડતા રહેલા વયોવૃદ્ધ મુસ્લિમ નાગરિક મોહંમદ હાશિમ અન્સારીએ કંટાળીને કેસમાંથી ખસી જવાનો નિર્ણય જાહેર કર્યો છે અને આશ્ચર્યજનક લાગે એ રીતે નરેન્દ્ર મોદીના મુસ્લિમો પ્રત્યેના વિધાયક વલણની ભારોભાર પ્રશંસા કરી છે. ત્રાણું વરસના વૃદ્ધ મૌલવીને અચાનક બ્રહ્મજ્ઞાન થયું હોય એમ તેઓ આ મુદ્દે ચાલતું રાજકારણ સત્વરે બંધ કરીને કેદમાં પુરાયેલા રામલલ્લાને વહેલી તકે આઝાદ કરવાની તરફેણ કરવા લાગ્યા છે. આ મુદ્દે રાજકારણ કરનારા નેતાઓ મહેલોમાં મહાલે અને રામલલ્લા તાડપત્રીની ઝૂંપડીમાં રહે, એ જોઇ કોઇ પણ હિંદુસ્તાનીનું દિલ દ્રવી ઊઠવું જોઇએ, એ મતલબની એમની વાત આમ હિંદુને જ નહીં, હિંદુસ્તાનના દરેક સમજદાર નાગરિકને સ્પર્શે એવી છે. રામના નામે રાજકારણ ન જ થવું જોઇએ, પરંતુ એ રાજકારણ ન જ થવુંજોઈએ, પરંતુ એ રાજકારણ કરનાર પાર્ટી જ અત્યારે કેન્દ્રમાં સત્તાસ્થાને છે. અડવાણીના નેતૃત્વમાં નીકળેલી રામજન્મભૂમિ યાત્રાના સાચા અર્થમાં સારથિ જ આજે વડાપ્રધાનપદે બિરાજમાન છે ત્યારે આ કમનસીબ વિવાદનો સુલેહશાંતિપૂર્વક નિવેડો આવે એવું કોણ ન ઇચ્છે? વિશ્વ હિંદુ પરિષદના ઝુઝારુ નેતા અશોક સિંઘલ અને ડો. તોગડિયા તો વર્ષોથી કહેતા રહ્યા છે કે મુસલમાનો એ જ સામે ચાલીને આ ભૂમિ હિંદુઓને ભવ્ય રામમંદિર બનાવવા સોંપી દેવી જોઇએ. 'સૌગંધ રામ કી ખાતે હૈં મંદિર વહીં બનાયેંગે'ની નારેબાજી છેલ્લા ઘણાં વખતથી ઠંડી પડી ગઇ હતી. રામમંદિરનો મુદ્દો ભાજપના ચૂંટણી ઢંઢેરામાં સામેલ કરાયો હોવા છતાં એને હાંસિયે ધકેલી વિકાસ અને સુશાસનના મુદ્દે ચૂંટણી લડી, ભાજપ મોદીમેજિકનો લાભ લઇ એકલા હાથે મિશન ૨૭૨+ માં સફળ થઇ શક્યું હતું, પરંતુ પાર્ટીને મૂળમાં રાષ્ટ્રીય ફલક પર પહોંચાડનાર તો 'રામલલ્લા' જ હતા. સમગ્ર દેશના સાધુસંતોએ પ્રયાગના કુંભમેળામાં ભારતીય જનતા પાર્ટીને સમર્થન કર્યું ત્યારે પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના એજન્ડામાં સામેલ રામજન્મભૂમિ મુદ્દે કેન્દ્ર સ્થાને હતો જ. અયોધ્યા પછી કાશી-મથુરામાં પણ હિંદુ મંદિરો કાશી વિશ્વનાથ અને કૃષ્ણજન્મભૂમિ પર બળજબરીપૂર્વક મોગલ શાસનકાળમાં બંધાયેલ મસ્જિદો હટાવવાની માગણી ચાલુ જ રહેવાની છે. અદાલતો આવા સંવેદનશીલ મુદ્દાઓમાં એક તરફી ચુકાદા આપતાં સો વાર વિચાર કરતી હોય છે. વળી ભૂતકાળની ઘટનાઓ કે શ્રદ્ધાની બાબતોના પુરાવા મેળવવાનું કામ પણ અઘરું છે. હાશિમ અન્સારીએ મંદિર-મસ્જિદના મુદ્દે રાજકીય ખીચડી પકવતા રહેલા નેતાઓ પર લ્યાનત વરસાવી છે, ત્યાં સુધી એ સાચા છે બનવાજોગ કે એ લાલચમાં આવીને આવું બોલ્યા હોય, છતાં જો ભારતની મુસલમાન પ્રજા આ મુદ્દે એના કટ્ટર મુલ્લાંઓનાં ફતવા માનવાને બદલે સંપથી બહુમતી હિંદુ પ્રજા સાથે આવી સંવેદનશીલ અને વિવાદાસ્પદ બાબતોમાં સમાધાન સાધી શકશે તો દેશની પ્રગતિનાં દ્વાર ખૂલશે એમાં શંકાને સ્થાન નથી. પરંતુ જો આ વયોવૃદ્ધ મૌલવી ફક્ત આઝમખાન કે મુલાયમને જ દોષનો ટોપલો ઓઢાડી પોતે કોરા નીકળવા મથતા હોય તો તે ભીંત ભૂલે છે. સામસામે કોર્ટે ચડેલા બેઉ પક્ષોને હાશિમ અંસારીના ખસી જવાથી કોઇ જ ફરક નથી પડવાનો.

## અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને જેઈઈ-ગુજકેટ તાલીમ અપાશે

અમદાવાદ,તા. ૪

વિદ્યાર્થીઓની કારકીર્દી માટે ગુજકેટ અને જેઈઈ જેવી પરીક્ષાઓ ખુબ જ મહત્વ ધરાવે છે ત્યારે રાજ્યમાં શૈક્ષણિક રીતે પછાત ગણાતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને પણ ગુજકેટ અને જેઈઈની પરીક્ષાની યોગ્ય તાલીમ મળી રહે તે માટે રાજ્ય સરકારે ખાસ આયોજન કર્યું છે જે અંતર્ગત ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની માહિતી મંગાવવામાં આવી છે.

ગુજરાતમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડિકલ અભ્યાસક્રમોના પ્રવેશ માટે ગુજકેટની પરીક્ષા લેવામાં આવે છે ત્યારે આજ રીતે એન્જિનિયરિંગ વિદ્યાશાખાની કોલેજોમાં પ્રવેશ માટે જેઈઈની પરીક્ષા લેવામાં આવે છે. જો કે, યોગ્ય તૈયારી અને માર્ગદર્શનના અભાવે રાજ્યમાં શૈક્ષણિકરીતે પછાત ગણાતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓમાં યોગ્ય પ્રદર્શન કરી શકતા ન હોવાથી તેમને મેડિકલ અને એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સમસ્યાઓનો સામનો કરવો પડતો હોવાનું શિક્ષણ વિભાગના ધ્યાને આવ્યું છે. જે નાકારણે આવા વિદ્યાર્થીઓનો શિક્ષણ વિભાગ દ્વારા ગુજકેટ અને જેઈઈ વિદ્યાર્થીઓને તાલીમ આપવાનું આયોજન કર્યું છે જે અંતર્ગત ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને મેડિકલ અને એન્જિનિયરિંગ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે સરળતા રહે તે માટે શિક્ષણ વિભાગ દ્વારા યાદી મંગાવવામાં આવી છે જે અનુસંધાને આ તાલીમમાં જોડાવવા માંગતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની યાદી બનાવી શાળાઓએ આ યાદી જિલ્લા શિક્ષણાધિકારીને કચેરીએ મોકલી આપવાની રહેશે. ઉલ્લેખનીય છે કે, આ તાલીમ કાર્યક્રમનું આયોજન રાજ્ય સરકારના આદિજાતિ વિકાસ અધિકારીની કચેરી દ્વારા કરવામાં આવ્યું છે.

## પેથાપુરમાં કૈલાશધામ વૃધ્ધાશ્રમ ખાતે કેમ્પની મુલાકાત લેતા રાજ્યપાલશ્રી ઓ.પી.પી. કોહલી

ગાંધીનગર, તા. ૪

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ આજે ગાંધીનગર નજીક પેથાપુરમાં કૈલાશધામ વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વરિષ્ઠજનોની સેવા અર્થે કાર્યરત મેડિકલ રિલીફ ફાઉન્ડેશન દ્વારા આજે અહીં યોજાયેલ મેડિકલ કેમ્પમાં રાજયપાલશ્રીએ વૃધ્ધાશ્રમના વરિષ્ઠજનો સાથે રસપ્રદ વાર્તાલાપ કર્યો હતો.

રાજ્યપાલશ્રીએ વરિષ્ઠજનો સાથેના સંવાદ દરમ્યાન જણાવ્યું હતું કે વૃધ્ધાશ્રમમાં સક્રિયતા ખૂબ જ અગત્યની બાબત છે. જીવનમાં સક્રિયતાથી અંતરની ચેતનાનો સંચાર થાય છે અને જીવન જીવવાની ઉર્જા પ્રાપ્ત થાય છે. આથી વરિષ્ઠજનોએ કોઈ પણ સત્કાર્યમાં પોતાની જાતને સંલગ્ન રાખવી જોઈએ, તેમના જ્ઞાન અને અનુભવોના લાભ અન્યને મળે તેવા પ્રયાસો કરવા જોઈએ, એમ ઉમેર્યું હતું.

આ પ્રસંગે ફાઉન્ડેશનના પ્રમુખ ડૉ. શશાંક સિમ્પીએ જણાવ્યું હતું કે વૃધ્ધાશ્રમમાં નિયમિત રીતે વરિષ્ઠજનોની ચિકિત્સા-સેવા પુરી પાડવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે ફાઉન્ડેશને ગાંધીનગર જિલ્લાની આસપાસ ૧૬ જેટલા વૃધ્ધાશ્રમો વરિષ્ઠજનોની ચિકિત્સા-સેવા અર્થે દત્તક લીધા છે, જેમાં નિયમિત મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૪૮ આવા કેમ્પો યોજવામાં આવ્યા છે, જેમાં તબીબ દ્વારા રોગ નિદાન-પરિક્ષણ-દવા વિતરણ કરવામાં આવ્યું છે.

કૈલાસધામ મંદિરમાં રાજ્યપાલશ્રી તેમજ શ્રીમતી અવિનાશ કોહલી તથા તેમના પરિવારજનોએ દર્શન કર્યા હતા.

કૈલાસધામના સંચાલક શ્રી અર્જુનસિંહ રાઠોડે રાજ્યપાલશ્રીને સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિનો ખ્યાલ આપતાં જણાવ્યું હતું કે, સંસ્થાના વૃધ્ધાશ્રમમાં હાલ ૮૫ વૃદ્ધ મહિલા-પુરૂષો નિવાસ કરી રહ્યા છે. તેમની સાર-સંભાળ, સંસ્થાના સેવાભાવી સભ્યો દ્વારા કરવામાં આવે છે.

ફાઉન્ડેશનના ડૉ. પરેશ ગજ્જર, ડૉ. રાજેન્દ્ર ચૌહાણ તથા અન્ય સભ્યોએ આ કેમ્પમાં તેમની સેવાઓ આપી હતી.



### દિશા ડે. સ્કુલને સન્માનિત કરાઈ

વિકલાંગ વિદ્યાર્થીઓનો આત્મ વિશ્વાસ વધારવાનું કાર્ય કરતી દિશા ડે. સ્કુલને કાઉન્સિલ ફોર ધ ઈન્ડિયન સ્કુલ સર્ટીફિકેટ એકઝામિનેશન નવી દિલ્હી દ્વારા સન્માનિત કરવામાં આવી છે. મહેસાણા સ્થિત ખોડિયાર ટ્રસ્ટ સંચાલિત દિશા ડે. સ્કુલને શારીરિક રીતે અશકત બાળકોને ઉત્કૃષ્ટ તાલીમ આપવા બદલ સન્માનિત કરવામાં આવી છે. સ્કુલના કો ઓર્ડિનેટર વિષ્ણુભાઈ ચૌધરીને રૂ. એક લાખનો ચેક અર્પણ કરાયો છે. શાળાના વિદ્યાર્થીઓએ ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી ઈનામો મેળવ્યા હતા.

## વિકલાંગોને ટુલ્સ વિતરણ કરાયા

ગાંધીનગર, તા. ૪

વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણીના ભાગરૂપે વિકલાંગ વ્યાવસાયીક પુનર્વાસ કેન્દ્ર, કુબેરનગર, અમદાવાદ ખાતે તાલીમ લીધેલ વિકલાંગ તાલીમાર્થીઓને સ્વ-રોજગાર દ્વારા પગભર થઈ શકે તેવા ઉમદા હેતુથી હુડકો ન્યુ દિલ્હી તથા એ ન એ ચ એ ફ ડી સ ી ફરીયાદાબાદના સહયોગથી વિકલાંગ તાલીમાર્થીઓએ લીધેલ વ્યવસાયને અનુરૂપ ટુલકીટ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ કાર્યક્રમમાં ૫૬ ટુલકીટનું વિકલાંગ તાલીમાર્થીઓને વિતરણ કરાવામાં આવ્યું હતું. આ પ્રસંગે હુડકો અમદાવાદના અધિકારીઓ, સમાજ સુરક્ષા અધિકારી અમદાવાદ, નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશીક કચેરી, કુબેરનગર, અમદાવાદ તથા લાભાર્થી વિકલાંગ તાલીમાર્થીઓ મોટી સંખ્યામાં હાજરી આપેલ હતી.

## આમજા ગામે મહાકાળી માતાજીની પ્રાણ પ્રતિષ્ઠા

ગાંધીનગર, તા. ૪

કલોલ તાલુકાના આમજા ગામે શ્રી મહાકાળી માતાજીની મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. બે દિવસીય મહોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

કલોલના આમજામાં સમસ્ત રોહિત પંચ અને ગ્રામજનો દ્વારા મહાકાળી માતાજીની પ્રાણપ્રતિષ્ઠા યોજવામાં આવશે. આજરોજ ગુરૂવારે મહાકાળી માતાજીનો વરઘોડો સમગ્ર ગામમાં ફરશે. દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમ બાદ રાત્રે ૯.૦૦ વાગે પ્રભાતસિંહ સોલંકી એન્ડ ગૃપ દ્વારા ભવ્ય ડાયરો યોજવામાં આવશે. તેમજ તા. ૬ઠ્ઠીના રોજ ૫૧ કુંડી મહાયજ્ઞ સહિત ધજા આરોહણ, શિખર આરોહણ બાદ સાંજે ૬.૦૦ વાગે મહાપ્રસાદ બાદ તેજલ ઠાકોર ગૃપ રાસ-ગરબાની મોજ કરાવશે.

## હરિની દૃષ્ટિ...




દર વખતે શાક લાવીએ ત્યારે સો સો ગ્રામ ફ્રીજમાં અલગથી મુકવાનું રાખવાનું છે, ઉતરાણે ઉંધિયું કરવા એક સાથે આટલું મોઘું શાક લેવું નહીં પોષાય...!!

## સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટને સાહિત્ય શિરોમણી સારસ્વત સન્માન

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટે કોલકત્તાની સાહિત્ય, સંસ્કૃતિ અને કલાને સમર્પિત સાહિત્યિક સંસ્થા ભારતીય વાડ્મય પીઠ દ્વારા સાહિત્ય શિરોમણી સારસ્વત સન્માન (પીએચ.ડી.સમકક્ષ) માનદ ઉપાધિથી સન્માનવામાં આવ્યા છે. આ સન્માન ડૉ. ભટ્ટે તેમની સાહિત્ય-સેવા-સાધના, સાહિત્યિક અવદાન અને સમર્પણને ધ્યાનમાં રાખીને આપવામાં આવ્યું છે.

ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ડૉ. ભટ્ટના ૧૫ જેટલા પુસ્તકો -ગટ થયા છે. તેમના દ્વારા અનુવાદિત નવલકથા છિન્નમસ્તા હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ગુજરાત વિદ્યાપીઠ અને એસ.એન.ડી.ટી યુનિના એમ.એ.ના અભ્યાસક્રમમાં પણ ચાલે છે. તાજેતરમાં જ તેઓને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા તેમને કાર્યવાહક સમિતિના નિમંત્રિત સભ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા



છે. કેન્દ્રિય હિન્દી નિદેશાલય - નવી દિલ્હી દ્વારા -કાશિત ગુજરાતી - હિન્દી શબ્દકોશનાં તેઓ મુખ્ય સંપાદક અને ભારતીય ભાષાકોશમાં ગુજરાતી ભાષાના તજજ્ઞ તરીકે તેઓએ પાંચ વર્ષ સેવાઓ આપી છે. જે ગૌરવની વાત છે. ડૉ. કનૈયાલાલ ભટ્ટને ખુબ ખુબ અભિનંદન.

## ઉવારસદ ખાતે વિશ્વ વિકલાંગ દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૪

ઉવારસદમાં આવેલ વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર ખાતે વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કલોલ સ્થિત સિન્ટેક્ષ અને બી.વી.એમ. કંપનીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

તાલુકાના ઉવારસદમાં આવેલ હીરાલક્ષ્મી બેન્કર વિકલાંગો પુનર્વાસ કેન્દ્ર ખાતે કલોલમાં આવેલ સિન્ટેક્ષ અને બી.વી.એમ. કંપનીના અધિકારીઓની હાજરીમાં વિશ્વવિકલાંગ દિવસની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં બાળકોએ અધિકારીઓને આવકારી પુષ્પગુચ્છ અર્પણ કર્યા હતા.

શાળાના નાના ભુલકાઓએ બાળગીત અને માધ્યમિક વિભાગમાં બાળકોએ નાટક અને રાસ-ગરબા રજુ કરી ઉપસ્થિત મહાનુભાવોને દંગ કર્યા હતા. ત્યારે ઉપસ્થિત સર્વેએ બાળકોમાં રહેલી ખુબીઓને બિરદાવી હતી. આ પ્રસંગે રમેશભાઈ ત્રિવેદી, ભરતભાઈ ત્રિપાઠી, શેરથાના સુરેશભાઈ પ્રજાપતિ સહિત શાળા પરિવાર ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાએ રાજસ્થાનનો પ્રવાસ કર્યો

ગાંધીનગર, તા. ૪

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળા, સે. ૨૩, ગાંધીનગરની ઉચ્ચત્તર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ વિભાગની વિદ્યાર્થીનીઓનો ત્રિદિવસીય રાજસ્થાનના શૈક્ષણિક પ્રવાસનું આયોજન તા. ૨૧ થી ૨૩ નવેમ્બર દરમિયાન કરવામાં આવ્યું. શાળાની ધો. ૧૧ અને ૧૨ ની વિજ્ઞાન પ્રવાહની કુલ ૧૦૨ વિદ્યાર્થિનીઓ આ પ્રવાસમાં જોડાઈ હતી. તેઓની સાથે શાળાના આઠ શિક્ષકો પણ પ્રવાસમાં જોડાયા હતા. આ ત્રિદિવસીય પ્રવાસમાં સર્વેએ જેસલમેર, રણુંજા, પોખરણ અને જોધપુરની મુલાકાત લઈ જેસલમેરની પટવા હવેલી, કિલ્લો જોઈ રણની મુલાકાત લીધી હતી. જ્યાં સર્વેએ રાજસ્થાની પ્રાદેશિક નૃત્યો પણ માણ્યાં. બીજા દિવસે રણુંજા શ્રી રામદેવપીરનાં દર્શન કરી પોખરણનો કિલ્લો નિહાળી દંગ રહી ગયા હતા. ત્રીજા દિવસે જોધપુરનો પ્રખ્યાત ઉમેદભવન પેલેસ અને પ્રસિદ્ધ મહેલનું નિદર્શન કર્યુંહતું. આ ઉપરાંત જોધપુરના બજારમાં ખરીદીનો પણ આનંદ માણ્યો હતો. આમ, હસતાં, કિલ્લોલ કરતાં કરતાં પ્રવાસ આનંદદાયક રીતે પૂર્ણ કરી તા. ૨૪ નવેમ્બરે પરત ફર્યા હતા.

# ફૂલોને ખીલવીએ, સાચવીએ અને સજાવીએ કિસ્મતે મળી માળીની ફરજ, તો એ બજાવીએ

## અહીં ભણવાનું ચાલુ રાખ અને બાકીના સમયમાં આ જ સંસ્થામાં નોકરીએ લાગી જા, બોલ, તો છોડીશ ભણવાનું ?

### પ્રેરણા

વિદ્યાર્થીઓને માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ જીવનશીખ આપવાની અને વિદ્યાર્થીઓના કલ્યાણ માટે કંઈ પણ કરી છૂટવાની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની પ્રથા કહેવાતા આધુનિક સ્વાર્થી યુગમાં પણ અકબંધ ટકી રહી છે એ સમાજ માટે રાહતના સમાચાર છે. આવી જ એક ઘટનાના સાક્ષી બનવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું, જે સમાજ સામે લાવ્યા વિના રહી શકાતું નથી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી તથા ગાંધીનગરના મેનેજમેન્ટની ઑફિસ સદા દરેક જણ માટે ખુલ્લી હોય છે. મેનેજમેન્ટ હંમેશા વિદ્યાર્થીઓના હિતમાં જે કાંઈ શક્ય હોય - ટેકનિકલી પોસિબલ હોય તેવી મદદ કરી વિદ્યાર્થીનો અભ્યાસ સારી રીતે ચાલે તે માટે તત્પર હોય છે. કોઈપણ વિદ્યાર્થી અથવા વિદ્યાર્થિનીનો અભ્યાસ આર્થિક પરિસ્થિતિને કારણે અટકી ન પડે તે માટે મેનેજમેન્ટ તત્પર હોય છે. સ્વ. શ્રી માણેકલાલ સાહેબની કંડારેલી કેડી પર હવે તેમના સુપુત્ર ખૂબ નિષ્ઠાથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન તરીકે તથા કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટનો હોદ્દો સંભાળી રહ્યા છે. તેઓશ્રી સરદાર તરીકે ઓળખાતા પોતાના નામને સાર્થક કરી રહ્યા છે.

દર શુક્રવારે અમે ગાંધીનગર ઑફિસમાં સાથે હોઈએ છીએ. જોકે શ્રી વલ્લભભાઈ માણેકલાલ પટેલ (સરદાર) સોમવાર, મંગળવાર, ગુરુવાર અને શુક્રવાર એવા ચાર દિવસ સવારે ૯.૦૦થી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી પોતાની સેવાઓ આપે છે, જ્યારે બુધવાર અને શનિવારે કડીમાં ઉપસ્થિત રહે છે. આ બધા દિવસો દરમિયાન ઑફિસમાં અવનવા પ્રશ્નો લઈ આચાર્યો, વિદ્યાર્થીઓ, વાલીઓ વગેરે સતત આવતા રહે છે. સરદાર દરેકને શાંતિથી, સ્વસ્થતાથી, કાળજીપૂર્વક સાંભળે છે અને યોગ્ય નિર્ણય લેતા હોય છે. ક્યારેક ઑફિસમાં લાગણીશીલ દશ્યો પણ સર્જાતા હોય છે અને આપણી સંવેદનાને જગાડતાં હોય છે. આજે એવા એક લાગણીશીલ પ્રસંગની વાત કરવી છે. આમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન તરીકેની સરદારની નિષ્ઠાની, વ્યક્તિને કસવાની-પરખવાની અને રસ્તો કાઢવાની આવડતનાં દર્શન થાય છે.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળના નેજા હેઠળ ચાલતી પોલિટૅકનિક કોલેજની એક વિદ્યાર્થિની કાંઈક ગ્લાનિભર્યા ચહેરે પ્રિન્સિપાલના શેરા સાથે અભ્યાસ છોડવાની અને ફી પરત લેવાની માંગણી સાથે અભ્યાસ છોડવાની અને ફી પરત લેવાની માંગણી સાથે ઑફિસમાં પ્રવેશી. પૃચ્છા કરતાં પોતાની કરુણ દાસ્તાન રજૂ કરતાં જણાવ્યું કે પિતાજીનું અચાનક અવસાન થવાને કારણે પોતે અભ્યાસ છોડી રહી છે. કોઈપણ વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પોતાનો ચાલુ અભ્યાસ છોડવાની વાત કરે તો સર્વ વિદ્યાલયનું સંવેદનશીલ મેનેજમેન્ટ તેના કારણોમાં ઊંડું ઊતરે જ છે. એમ અહીં પણ તુરંત સરદારે પરિસ્થિતિ કળી જતાં તેને પૂછ્યું કે 'કેમ અભ્યાસ છોડવો છે? આર્થિક સંકડામણને કારણે તું ફી ન ભરી શકતી હોય તો તારી ફી માફ કરી દઈશું. તું અભ્યાસ ચાલુ રાખ અને તારી કારકિર્દી બગાડીશ નહીં.' આ સાંભળતાં દીકરી રડી પડી ! થોડીક વાર શાંત થયા પછી તેણે જવાબ આપ્યો કે 'સાહેબ, તમે ફી માફ કરશો તો મારો અભ્યાસ ચાલુ રહેશે, પણ મારે શિરે મારાં માતુશ્રી અને નાના ભાઈ માટે ઘર ચલાવવાની જવાબદારી છે. અને તેથી હું સવારે ૮.૩૦ થી સાંજના ૮.૦૦ સુધીની નોકરી નક્કી કરીને આવી છું, એટલે અભ્યાસ ચાલુ રાખવા માટે સમય પણ નથી.' 'પગાર કેટલો મળશે ?' 'મહિને ૨૫૦૦ રૂપિયા.' 'હું તને ૩૦૦૦ રૂપિયા આપીશ. અહીં ભણવાનું ચાલુ રાખ અને બાકીના સમયમાં આ જ સંસ્થામાં નોકરીએ લાગી જા. બોલ, તો છોડીશ ભણવાનું ?' દીકરીની આંખો લાગણીથી છલકાઈ ઊઠી ને એનાં આંસૂઓએ સંમતિરૂપી જવાબ આપી દીધો.

ખૂબ કરુણા હૈયે હોય, વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડે નહિ તેવી હૈયે ખૂબ ઝંખના હોય અને કાંઈક રસ્તો કાઢવાની ત્વરિત નિર્ણયશક્તિ હોય અને સંચાલક તરીકે 'કર ભલા હોગા ભલા' મંત્ર જેણે હૈયે બરાબર ગોઠવ્યો હોય તે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મોભી તરીકે જવાબદારી નિભાવી શકે.. શ્રી વલ્લભભાઈએ આ ગુણો બરાબર આત્મસાત કર્યા છે. સંવેદનાના આવા પ્રસંગો ડગલે ને પગલે આવવાના અને પૂ. છગનભા, દાસકાકા, પૂ.શ્રી ધનાભાઈ વકીલ તથા પૂ. શ્રી માણેકલાલ સાહેબ તથા સંસ્થાના અન્ય ભૂતપૂર્વ અને વર્તમાન વડીલોના આશીર્વાદથી સર્વ વિદ્યાલયની પરંપરા સુપેરે નભશે જ તેવી હૈયાધારણા આવા પ્રસંગો પૂરી પાડે છે. વિદ્યાર્થી-વિદ્યાર્થિનીના હર એક ચડતી પડતીના પ્રસંગોએ પાલકે (વાલીએ), ચાલકે (આચાર્યશ્રી/અધ્યાપકો) અને સંચાલકે જાગૃત રહી સંવેદનાના સૂરને ઝીલવા પડશે. (શીર્ષક પંક્તિ : કુંતલ નિમાવત)

- ડૉ. કનુભાઈ ધનાભાઈ પટેલ

વાઈસ પ્રેસિડેન્ટ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી